| આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત દિવેલા અને કલકત્તી તમાકુની વિવિધ જાતોના 'અનુભવ' બીજના વેચાણ માટે ઓનલાઈન નોંધણી અને વિતરણ અંગે |
| --- |
| આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો દ્વારા ઉત્પાદિત દિવેલા અને કલકત્તી તમાકુની જુદી જુદી જાતોના 'અનુભવ' બીજના વેચાણ માટે, બિયારણની ઓનલાઈન નોંધણી અને ફાળવણી/ વિતરણ વ્યવસ્થા અમલી થનાર છે. દિવેલા - ગુજરાત સંકર દિવેલા ૯, (જીસીએચ-૯), ગુજરાત સંકર દિવેલા ૭ (જીસીએચ-૭) અને સુધારેલ ગુજરાત આણંદ દિવેલા (જીએસી-૧૧) જાત માટે આગામી તા. ૨૨.૭.૨૦૨૪, સવારે ૯ કલાકથી તા. ૨૫.૭.૨૦૨૪ સુધી અને કલકત્તી તમાકુની જુદી જુદી જાતો માટે તા. ૧૫.૭.૨૦૨૪, સવારે ૯ કલાકથી, તા. ૨૫.૭.૨૦૨૪ સુધી અથવા ઉપલબ્ધ જથ્થાની નોંધણી પૂર્ણ થાય એ બે પૈકી જે વહેલું થાય ત્યાં સુધી ઓનલાઈન નોંધણી કાર્યરત થનાર છે. ખેડૂતો આ અંગેની સમગ્ર માહિતી તેમજ ઓનલાઈન નોંધણી કરવા માટેની વિગતો આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in પરથી મેળવી શકશે. વધુ વિગતો માટે ફોન નંબર ૦૨૬૯૨-૨૬૦૩૨૯ પર સંપર્ક કરી શકાશે.<br><br>તા. ૦૮/૦૭/૨૦૨૪      સંશોધન વૈજ્ઞાનિક અને નોડલ અધિકારી (સીડ) |